લખાવી જૈન ભંડારોમાં આપ્યાં છે.

પાટણમાં ઝવેરીવાડમાં મોદીના પુસ્તક ભંડારના 'જ્ઞાતાસુત્ર' પુસ્તકમાં પર્વત વિષે પ્રશસ્તિ લખી છે. આ પ્રશસ્તિ તપાગચ્છ નાયક સોમસુંદરસૂરિએ લખાવી છે.[1]

# સ્વ. પંડિત બલભદ્ર શુકલ

ખંભાતના શ્રીગૌડ બ્રાહ્મણ પંડિત બળભદ્ર શુકલે સંવત ૧૬૮૫ માં 'કુંડતત્ત્વ પ્રદીપ' નામે યજ્ઞના કુંડ વિષેનો ગ્રંથ બનાવ્યો છે. તે ગ્રંથ "કુંડીનાં વિંશતિ ગ્રથા" નામે ગ્રંથમાં ૧૫ મા ગ્રંથ તરીકે આપ્યો છે. આ વિષે આ ગ્રંથના પૃ. ૨૧૦ ઉપર નોંધ લીધી છે. ગ્રંથને છેડે ટુંકી પ્રશસ્તિ આપી છે. તેમાં જણાવ્યું છે કે જયદેવ સમ્રાટની આજ્ઞાથી આ ગ્રંથ તૈયાર કર્યો. એટલે આ પંડિત યજ્ઞ વિષયનો નિષ્ણાત હોવો જોઇએ. અને જયદેવ સમ્રાટ એ શ્રીગૌડ બ્રાહ્મણોમાં મોટા ધનપતિ અને ધર્મપ્રેમી હતો.

# સોની તેજપાલ

વિ. સં. ૧૬૪૯ (ઇ. સ. ૧૫૯૩)

"સોની શ્રી તેજપાલ બરાબર નહિ કો પોષધધારી"[2]

ખંભાતની સુપ્રસિધ્ધ ઓસ્વાલ જ્ઞાતિનો પનોતો પુત્ર **તેજપાલ** સત્તરમા સૈકામાં મોટો ધનાઢય થઈ ગયો છે. ઓસવંશમાં પ્રખ્યાત થએલા આભૂ શેઠના કુળમાં તે જનમ્યો હતો. આભૂશેઠ પછી **શિવરાજ** થયો; તેનો **સીધર** થયો. તેનો પુત્ર **પર્વત** થયો. તેના **કાલા અને વાઘા** નામના પુત્રો થયા. વાઘાને **રજાઈ** નામની સ્ત્રીથી વચ્છિઆ નામે પુત્ર થયો. આ વાચ્છિઆને સુહાસિણી નામની સ્ત્રીથી **તેજપાલ** નામે કુલોધ્ધારક પુત્ર રત્ન થયો. તેજપાલને તેજલદે નામે પત્ની હતી.

આ ધનાઢય દંપતિ શ્રી હીરવિજયસુરિ અને શ્રી વિજયસેનસુરિના સદુપદેશથી જિનમંદિરો બંધાવવામાં તથા સંઘપતી થઇને સંઘ કાઢવામાં દ્રવ્યનો સારો વ્યય કર્યો હતો.

વિ. સં. ૧૮૫૭માં કર્માશાહે શત્રુંજય ઉપરના મુળ મંદિરનો પુનરૂધ્ધાર કર્યો હતો. પરંતુ મંદિર પ્રાચીન હોવાથી ફરી પાછુ જીર્ણ થઇ ગયું. સોની તેજપાલે તેનો પુનરૂદ્ધાર કર્યો.

આ મંદીરની ભૂતલથી શિખર સુધીની ઉંચાઇ બાવન હાથની છે. ૧૨૪૫ કુંભો એના ઉપર છે. ૨૧ સિંહો બેસાડયા છે. ચાર દિશાની ચાર યોગીનીઓ તથા દસ દિગ્પાલો યોગ્ય સ્થાનમાં બેસાડયા છે. આ મહામંદિરની ચારે બાજુ ૭૨ દેવકુલીકાઓ, તેજ જૈનમૂર્તિઓથી વિભૂષિત થયેલી છે. ૪ ગોખલા ૩૨ પુતલીઓ, અને ૩૨ તોરણોથી આ મંદિરની શોભા અલોક્કિ દેખાય છે. વળી મંદિરમાં ૨૪ હાથીઓ અને બધા મળીને ૭૪ સ્થંભો લાગેલા છે. આવું મનોહર મંદિર જસુ ઠક્કરની મદદથી વિ. સં. ૧૬૪૯ માં તેજપાલે તૈયાર કરાવ્યું. અને તેનું નામ "નંદિવર્દ્ધન" પાડયું[3] તેજપાલે આ ચૈત્ય સમરાવવા જે ધન ખરચ્યું તે જાણી લોકો તેને 'કલ્પદ્રુમ' ની ઉપમા આપવા લાગ્યા.

---

૧ જૈન કોન્ફરન્સ પૃ. ૯ મું અંક ૯—૯ પૃ. ૪૬૮માંથી જીનવિજયજી સંપાદિત કરેલ છપાવી છે.

કવિ ઋષભદાસ કહેછેકે—

" ગિરિ શેત્રુંજે ઉદ્ધાર કરાવ્યો,
ખરચી એક લખ્ય લ્યાહરી
દેખી સમક્તિ પુરૂષજ પામે,
અનુમોદે નરનારી."[૪]

વિ. સં. ૧૬૫૦ માં તેણે બહુ ધામધુમથી શત્રુંજયની યાત્રા કરી હતી. સં ૧૬૪૯માં શ્રી હીરવિજય સૂરિ ધોલકે હતા અને ખંભાતથી સોની તેજપાલ સંઘ કાઢીને ત્યાં ગયા.

" બાઈ સાંગદે સોની તેજપાલ,
ખંભાતથી ચાલ્યા તત્કાલ,
પુંઠિ સેજપાલાં છત્રીસ,
આવ્યાં ધોલકે સબલજગીશ
વંદી હીરને નિરમલ થાય,
ગુરૂ પુંઠે શેત્રુંજે જાય,
સોરઠ દેશનો મુગટ જેહ,
દીઠે નિરમલ હુએ દેહ"[૫]

શ્રી હીરવિજયસૂરિ સાથે તેઓ ત્યાં પહોંચ્યા અને તેમના પવિત્ર હાથે જેનો ઉદ્ધાર કરેલો છે તે મંદિરની મહાન પ્રતિષ્ઠા કરાવી. આ પ્રતિષ્ઠાના સમયે અસંખ્ય મનુષ્યો આવ્યા હતા. ગુજરાત, મેવાડ, મારવાડ, દક્ષિણ માળવા વગેરે દેશોમાંથી હજારો યાત્રાળુઓ યાત્રા કરવા આવ્યા હતા તેમાં ૭૨ સંઘ ભેગા થયા હતા. શ્રી હીરવિજયસૂરિ સાથે એક હજાર સાધુઓ હતા.

એક વખત શ્રી હીરવિજયસૂરિ સ્થંડિલભૂમિ જતા હતા. તે વખતે તળાવની પાળ ઉપર યાત્રાળુઓ રસોઈ બનાવતા હતા. આ જોઇ સૂરિજીએ ઉપાધ્યાય સોમવિજયને તે સંબંધી હકીકત પૂછી. ઉપાધ્યાયે તરત સોની તેજપાલને બોલાવી કહ્યું કે તમો આવ્યા છો અને યાત્રાળુઓ પોતાને ઉતારે રાંધી ખાય એ શોભાવાળું નથી. સંઘવીએ તત્કાળ યાત્રાળુઓને નિમંત્રણ કરી પોતાને રસોડે જમવા વિજ્ઞપ્તિ કરી. યાત્રાળુઓને આનંદ થયો અને તેજપાળના ગુણ ગાવા લાગ્યા. તેજપાલે ખંભાત માણેક ચોકના ભોંયરામાં મહાન પ્રતિમાવાળું જિનાલય બંધાવ્યું. સંવત ૧૬૬૧.

---

૪ હી. વિ. રાસ.

૫ હી. વિ. રાસ પૃ-૧૯૯

---

૨ હી.વિ.રા.પૃ-૧૬૬

૩ શત્રુંજય ઉપર મુખ્ય મંદિરના રંગમંડપમાં

---

શત્રુંજય ઉદ્ધારનોશ મોટો લેખ કોતરેલો છે. તે લેખ પ્રા જૈ લં.સંભાજોર લેખ નં ૧૨માં છપાયો છે.

# ખંભાતનું સાંસ્કૃતિક દર્શન

## પ્રકરણ ૮૪ મું

## વિશેષ વ્યક્તિ પરિચયો

### વિભાગ-૨જો

## સર અકબર હૈદરી

**નાઇટ, પી. સી, એલ. એલ. ડી.**

( ઇ. સ ૧૮૬૯ )

ખંભાતમાં પ્રથમ વહોરવાડ આવે છે : વહોરવાડમાં પેસતાં પહેલી ખડકી આવે છે; ત્યાં સુલેમાની વહોરાનાં મકાનો હતાં. લગભગ આખી ગલી સુલેમાની વહોરાઓની હતી; તેમાં શ્રી અબ્બાસ તૈયબજી; તથા સર અકબર હૈદરી વગેરેના પૂર્વજો વસતા હતા. હાલ માત્ર એક મસીદ તેમની રહી છે; બાકી તે લોકોની વસતી મુંબઇ તથા બીજાં શહેરોમાં ચાલી ગઈ છે.



શ્રી સર અકબર હૈદરીનો જન્મ ખંભાતમાં ઈ. સ. ૧૮૬૯ માં થયેલો તેઓએ પ્રા. કે. ખંભાતમાં લીધેલી, પરંતુ માધ્યમિક ને કોલેજની કેળવણી તેમણે મુંબઇમાં લીધેલી. મુંબઈની ઝેવિયર કોલેજમાં કેળવણી લીધા પછી ઇ. સ. ૧૮૮૨ માં સરકારી મહેસુલ ખાતામાં દાખલ થયા. ઈ. સ. ૧૯૨૦ માં મુંબઈના એકાઉન્ટન્ટ જનરલ થયા. પછી દક્ષિણ હૈદરાબાદ રાજ્યની કારોબારી સભાના મહેસુલ તથા રેલ્વે ખાતાના સભ્ય સને ૧૯૨૧ માં થયા. અખિલહિંદ મુસ્લિમ કેળવણી પરિષદના પ્રમુખ સને ૧૯૧૭ થયા હતા. ઉર્દુ ભાષા દ્વારા કેળવણી આપતી ઓસ્માનિયા યુનિવર્સિટીની કલ્પનાને મૂર્તસ્વરૂપ આપ્યું. હૈદરાબાદમાં શોધખોળ ખાતુ સ્થાપ્યું. ત્રણ ગોળમેજી પરિષદમાં હૈદરાબાદના પ્રતિનિધિ મંડળના આગેવાન થયા. જોઇંટ પાર્લામેંટરી કમીટીના સભ્ય બન્યા. અનેક કંપનીના ડીરેકટર.

સને ૧૯૩૭ માં હૈદરાબાદના મુખ્ય પ્રધાન નિમાયા.[૧]

હિંદી સંઘના આસામ પ્રાંતના પહેલા ગવર્નર તરીકે સને ૧૯૪૭ માં તેમની નિમણૂંક કરવામાં આવી.

જ્યારે નીઝામની નોકરીમાંથી હિંદી સંઘમાં પાછા ગયા ત્યારે નિઝામ સરકારે એક યાદીમાં જણાવેલું કે "સર અકબર હૈદરીના માસિક રૂા. ૩૦૦૦ ત્રણ હજારનું પેન્શન આપવામાં આવશે; તથા પાંચપાંચ પૌત્રોને માસિક રૂા. ૧૦૦ ની રકમ આપવાનું ઠરાવ્યું. વળી ૫૦ પચાસ હજારની ગ્રેજ્યુએટી પણ મળશે. વધુમાં તેમના નિવાસ સ્થાનનો કબજો પણ રાખવા દેવામાં આવશે. કે જેથી તેઓ હૈદરાબાદની મુલાકાત દરમિયાન તેનો ઉપયોગ કરી શકે."[૨]

---

૧ ૧૯૪૭ ના ૧૫ મી ઓગસ્ટે હિંદનો ગવર્નરોની નિમણુંક કરવાની હતી; તે વખતે તમામ પ્રાંતિક ગવર્નરો એ રાજીનામાં આપી દીધા હતા; પરંતુ સત્તા પર હોય તે પક્ષ બીજી સગવડ ન કરી શકે ત્યાં સુધી ચાર ગર્વનરો ચાલુ રહેશે. તેમાં સરઅકબર હૈદરી નો સમાવેશ થયો છે. તેઓ આસામના ગવર્નરપદે ચાલુ રહ્યા હતા. (પ્રજાબંધુ ૩ ઑગષ્ટ ૧૯૪૭) પૃ–૫